સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

કરાવી લેવા કાયદા પાસ, ગોટાળા કરવા છે,
સ્વાર્થ માટે થઇ જાય એક ભોપાળાં કરવાં છે,
કરવાં છે ઉબાડિયા પાયા વિનાની માગણીનાં -
કામ કરવું નથી સાંસદે, હોબાળા કરવા છે..
(રાજસભા/લોકસભા કાર્યવાહી ઠપ્પ)

ચાલશે તંત્ર
ગુંડાઓથી અમારૂં!
સનદી વિના..
(IAS પાછા બોલાવી લ્યો!)

યાદવ ગળે,
અટક્યું છંછુદર -
દુર્ગા-શક્તિનું..
(વાત અહંને દોઢે આંટે)

ચિંતન

સંત ત્વાયસિ સંસ્થિતસ્ય પયસો નામાપિ ન શ્રૂયતે મુક્તા કારતયા તદેવ નલિનીપત્ર સ્થિતં દૃશ્યતે ।
સ્વા ત્યાં સાગર શુક્તિ મધ્ય પતિતં તન્મૌક્તિકં જાયતે પ્રાયેણા ધમમધ્યમોત્તમં જુષા મેવવિદ્યા વૃતયઃ ॥

'ગરમ કરેલા લોખંડ પર જો પાણી પડે તો પળવારમાં જ નામશેષ થઇ જાય છે અર્થાત ગરમ કરેલા લાલચોળ લોખંડના 'સંસર્ગ'માં આવતાં જ પાણીનું ટીપું નાશ પામે છે.'

તે જ જલબિંદુ જો સરોવરમાં ઉગેલા કમળના પાદડાં પર પડે તો એની શોભા-સૌંદર્ય મોતી જેવું બની જાય છે.

..અને એ જ જલબિંદુ જો સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપમાં પડે તો અસલ મોતીનું જ સ્વરૂપ ધારણ કરે છે.

આમ જુઓ તો એ જ જલબિંદુ છે પણ કેવાં પાત્રના સંસર્ગમાં આવે ત્યારે કેવું સ્વરૂપ ધારણ કરે છે એ અહીં સમજાવ્યું છે, અર્થાત અધમ-મધ્યમ-કે ઉત્તમ જનોનાં સંપર્ક-સત્સંગથી માણસ પર પણ આવી જ અસર થાય છે.

દુર્જનના સંપર્કથી તાત્કાલિક નાશ છે મધ્યમ સજ્જનના સંપર્કથી શોભામાં વધારો થાય છે પરંતુ સંત-સજ્જનના સમુદ્રની છીપ જેવા નિર્લેપના સંપર્કથી સાચા મોતી જેવું વ્યક્તિત્વ ખીલી ઉઠે છે.

સુવિચાર

- પ્રાર્થના એ ઇશ્વર સાથેનું મનગમતું બંધન છે, અને જગત સાથેની મુક્તિ છે- **સુરેશ દલાલ**
- પ્રાર્થના મારા એકાંતનું જતન અને રક્ષણ કરે છે, પ્રાર્થના મારા હૃદયની ભક્તિપીઠ છે, પ્રાર્થના મારી શરણાગતિ છે **- મધર ટેરેસા**
- જીવનમાં છોડવા જેવું ઘણું છે, છોડવા જેવું છોડવું એ પણ એક તપ છે, વિવેક યુક્ત ત્યાગ વગર વિવેક યુક્ત જીવન શક્ય નથી **- ગુણવંત શાહ**
- ગુરૂ તમને રસ્તો બતાવે, પણ એ રસ્તા પર ચાલવાનું બળ તમારૂં પોતાનું હોવું જોઇએ, ગુરૂ તમને સારેગમ આપે, પણ શિષ્યએ પોતે પ, ધ, ની શોધવાના હોય છે **- રમણ મહર્ષિ**
- સામેનો માણસ 'કેવો છે?' એનો જવાબ 'આપણે કેવા છીએ?' એ સવાલમાં છુપાયેલો હોય છે **- આચાર્ય ચંદ્રશેખર સુરીશ્વરજી**
- જીંદગીનું ચિત્ર આપણી ધારાણા મુજબનું નથી થતું, કારણ કે આપણને બીજાના રંગો જ શ્રેષ્ઠ લાગતા હોય છે **- મલેશિયન કહેવત**
- ઘણી વખત માણસને શું ગુમાવ્યું છે તેનો અહેસાસ ઘણું બધું મળી ગયા પછી થતો હોય છે **- મરાઠી કહેવત**

બોધ કથા

શ્રદ્ધા-ભક્તિમાં સંપૂર્ણ સમર્પણ-વિશ્વાસ હોવો જરૂરી છે જો ભક્તિ કરતાં 'હું-મારૂં'નો સ્વાર્થ ભાવ કે ભવિષ્યની ચિંતા પ્રવેશે તો પરિણામ મળતું નથી.

લીંબડીનાં ઠાકોર અને એક ચારણ કવિ રાત્રે નગરચર્યામાં હતા. કડકડતી ઠંડી હતી. એક ખૂણામાં એક ભિક્ષુક ઠંડીમાં ધ્રૂજતો સંકોચાઇ બેઠો હતો. એણે બંને તરફ કોઇક અપેક્ષાએ નજર માંડી.

ઠાકોર અને કવિરાજે બંનેએ ગરમ કપડાં પહેર્યાં હતા. કવિરાજે સ્વેટર પર સાલ ઓઢી હતી અને ઠાકોરે ગરમ લાંબો કોટ પહેર્યો હતો. બંનેની નજર ભિક્ષુક પર પડી, અને એની સાથે નજર પણ મળી, પણ બંને જણા બે-ચાર ડગલાં જોયું ન જોયું કરી આગળ વધ્યા, પણ કવિરાજ પાછા વળ્યા અને પોતાની સાલ ભિક્ષુકને ઓઢાળી દીધી.

ઠાકોર જરા ખૂંચ્યું પણ ભૂલ સ્વીકાર કરતાં કવિને પૂછ્યું તમને જે વિચાર આવ્યો એ મને કેમ ન આવ્યો? ચારણ કવિ તો નિર્ભય જ હોય, કહ્યું સાચું કહું?

ઠાકોર કહે, નિર્ભય બની, સાચું કહો.

કવિ કહે મને મારા ધણી (આપ) પર વિશ્વાસ હતો કે કાલે નવી સાલ આપી દેશો, પણ તમને તમારા ઉપરવાળા ધણી પર એટલો વિશ્વાસ ઓછો..

Email - sureshchandrabhatt18@gmail.com

જો હું ભ્રૂણનો નાશ કરી ન આપત તો તમે બીજે કયાંક જઈને પણ કરાવત, એવું હું કોઇ સંજોગોમાં ઇચ્છતી ન હતી, તેથી મેં તમને અંધારામાં રાખ્યાં

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

બે-ત્રણ દિવસ સુધી સતત ઝરમર વરસાદ વરસ્યા પછી આજે ઉઘાડ નીકળ્યો હતો. કોકરવર્ણો તડકો નીકળ્યો હતો. ડૉ. બેલા પોતાના નર્સિંગહૉમની લોનમાં ખુરશી પર બેઠી બેઠી ખુબ જ આરામથી તડકો માણી રહી હતી. તેની આજુબાજુ બે-ત્રણ ખુરશીઓ બીજી પણ પડી હતી. લોનમાં તેનો આલ્સેશિયન ડૉગ તેની આસપાસ ફરતો હતો. તે સમયે એક સ્ત્રી ત્યાં આવી. તેને જોઇને ડૉ. બેલાએ તુરંત તેને આવકારી. 'આવો... આવો... મિસીસ પટેલ! બોલો કેમ છો? બધું બરાબર તો છે ને!'

'હાં... ડૉકટર આમ તો બધું બરાબર છે...' કહેતાં એ ડૉ બેલાના ઇશારે સામે પડેલી ખુરશીમાં બેસી ગઇ અને ત્યાં ફરતા આલ્સેશિયન ડૉગને માથે ફેરવી કોઇ નાના બાળકને પ્રેમપૂર્વક રમાડે તેમ રમાડવા લાગી. કૂતરો તેની સાથે હળી ગયો હતો. મિસીસ પટેલે તેના પર હાથ ફેરવતાં તે પુંછડી હલાવવા લાગ્યો હતો. કૂતરાને છોડીને હવે મિસીસ પટેલ ડૉ. બેલા તરફ ફરી અને બોલી.

'ડૉકટર તમે તો જાણો જ છો કે મારે આ પહેલાં પણ બે દીકરીઓ છે જ. હવે ત્રીજીની તો હું કલ્પના પણ કરી શકતી નથી. તમે આ વખતની પ્રેગનેન્સીની તપાસ કરી દો. રીઝલ્ટ પોઝીટીવ હોય તો ઠીક છે. નહીં તો કાઢી નાંખીએ.'

આ સાંભળી ડૉ. બેલા જરાક વાર તો અવાક થઇ તેની સામે જોતી રહી. તે અન્યમસ્યક થઇ ગઇ. થોડી વાર માટે તો તેના ચહેરા પર અવનવા ભાવો આકાશમાં ઘેરાયેલાં કાળાં અને પીળાં વાદળોની જેમ ઉમટી પડ્યા. પરંતુ કોઇ ઠરેલ વ્યક્તિની જેમ ગમે તેવી વિપત્તીને પણ ખુબ સામાન્ય ગણીને સ્વીકારતાં ડૉ. બેલા એ તેને કહ્યું.

'ડૉન્ટ વરી મિસીસ પટેલ, હું હમણાં જ ગર્ભનું પરિક્ષણ કરી દઉં છું. જે કંઇ હશે તે તમને કહી દઇશ. તે પછી જેમ તમે કહેશો તેમ કરીશું.'

અને બંને બગીચામાંથી ઊભી થઇ નર્સીંગ હોમમાં આવી. પરિક્ષણ માટેનાં રૂમમાં આવી ડૉ. બેલા તેના ગર્ભનું લિંગ પરિક્ષણ અલ્ટ્રાસાઉન્ડ મશીન પર કરવા લાગ્યા. મશીન પર ગર્ભ પરિક્ષણ કરતાં ડૉકટરના મુખ પર સ્મિતની રેખા છવાઇ ગઇ. 'કોન્ગ્રેચ્યુલેશન મિસીસ પટેલ, આ વખતે ગર્ભમાં નર ભ્રૂણ છે.'

પોતાના ગર્ભમાં નર ભ્રૂણની વાત સાંભળીને મિસીસ પટેલ વનના મુક્ત પંખીની જેમ ચહેકી પડી અને લીંમડાના વૃક્ષને જેમ વેલ વીંટળાઇ વળે તેમ ડૉ. બેલાને તે વળગી પડી. 'તમારા મોંમા ઘી કેળાં ડૉકટર...' આવી મધમીઠી વાત મેં ઘણાં વર્ષો પછી સાંભળી છે. લ્યો તમારી ફી... અને તેણે ભાવવિભોર થઇ ગાંધી છાપ નોટ તેના હાથમાં મુકી દીધી. સાથે સાથે કહ્યું, 'આ તો તમને નાનકડી ભેટ છે. જયારે મનની મુરાદ પુરી થઇ જશે તો હું તમને ખુબ જ ખુશ કરી દઇશ.' અને તે ખુબ ખુશ થતી થતી નર્સિંગ હોમના માર્બલના સફેદ પગથિયાં ઉતરતી ઘર તરફ જવા ઉતાવળી થઇ. નર્સિંગ હોમના બગીચામાં જાત જાતનાં ફૂલો ખીલ્યાં હતાં. મોગરાનાં ફૂલની સુગંધ વાતાવરણમાં નવો ઉત્સાહ, જોમ અને તાજગીનો અનુભવ કરાવતી હતી.

મિસીસ પટેલ નર્સિંગ હોમનાં છેલ્લા પગથિયે પગ મુકતી હતી ત્યાં ડૉ. બેલા એ તેને રોકી. 'આ ડિલીવરી તમે મારા જ નર્સિંગ હોમમાં કરાવજો હો! ચાઇલ્ડ કેર નર્સિંગ હોમમાં ના જતાં.' આ સાંભળી મિસીસ પટેલ ઉત્સાહ સાથે ખુશીમાં સાડીનો પાલવ લહેરાવતાં બોલી. 'ડૉકટર કેવી વાત કરો છો તમે, એવું કંઇ બને ખરૂં? ડિલીવરીની તપાસ અહીં કરાવું અને ડિલીવરી ચાઇલ્ડ કેરમાં એવું થયું હશે, ડિલીવરી તો હું તમારા જ નર્સિંગ હોમમાં કરાવવાની છું, સ્યોર' અને ખભા પર લટકતી બેગને ઝુલાવતી એ ઘર તરફ આગળ વધી.

ડિલીવરીનો સમય નજીક આવતાં મિસીટ પટેલ ડૉ. બેલાના નર્સિંગ હોમમાં આવી દાખલ થઇ ગઇ હતી. ડૉ. બેલાએ નર્સિંગ હોમમાં તેના માટે સ્પેશિયલ રૂમની વ્યવસ્થા કરી હતી. ડિલીવરી થયા બાદ તે રૂમમાં ડૉ. બેલા અને નર્સ, માં અને બાળક બંનેની સારસંભાળમાં તલ્લીન હતી. મિસીસ પટેલ જયાં ડિલીવરી પછી ભાનમાં આવી અને તેને ખબર પડી કે આ વખતે પણ દીકરી જ આવી છે તો તે ભમરીએ ડંખ માર્યો હોય તેમ ડૉ. બેલા પર વિફરી 'આ શું ડૉકટર' મિસીસ પટેલનો તીવ્ર તીક્ષ્ણ પારો જોઇ ડૉ. બેલા એ પાસે ઊભેલી નર્સને બહાર જવા ઇશારો કર્યો. મિસીસ પટેલ નો ગુસ્સો ભભૂકી ઉઠ્યો હતો. 'ડૉકટર તમે કેવી તપાસ કરેલી? તેનું આ પરિણામ? તમારી તપાસથી આતો સાવ વિપરીત બન્યું.' તમે તો કહ્યું હતું ને કે... ક્રોધથી તેના હોઠ ફફડતા હતા. તે ડૉ. બેલા સાથે વાતમાં તમે ઉપરથી તું પર આવી ગઇ. 'મને લાગે છે કે તેં મારી પ્રેગનેન્સીની તપાસ બરાબર નહોતી કરી. આ તો ગદ્દારી કહેવાય. આવી નાલાયકી... મેં કેટલા કેસો લાવી આપ્યા. અવૈદ્ય કામનાં મેં તને લાખોની કમાણી કરાવી. તેનો તે મને આવો બદલો આપ્યો. મારી સાથે આવો વિશ્વાસઘાત આવી દગાબાજી...'

પડખામાં પડેલી નવજાત બાળકીને નફરત ભરી નજરે જોતાં મિસીસ પટેલે તેને પોતાના સ્તનનું દૂધ પીવડાવવાને બદલે પડખું ફેરવી લીધું. તે ડૉ. બેલાને ગમે તેમ બોલી રહી હતી. કોઇ સજ્જન વ્યક્તિને કોઇ બદમાશ દ્વારા અપાતી ગાળાગાળી સહન કરવી પડે તેમ ડૉ. બેલા ખુબ શાંતિથી અને સહિષ્ણુતા પૂર્વક તેનાં કડવાં વેંણ સહન કરતી મુશ્કરાઇ રહી હતી. જયારે મિસીસ પટેલે તેના મનનો ઊભરો પુરેપુરો ઠલવી લીધો તે પછી ડૉ. બેલાએ તેની તરફ ફરીને કહ્યું, 'મિસીસ પટેલ તમે આટલાં બધાં અકળાવ નહીં. દુઃખ ન લગાડો. હવે જમાનો બદલાઇ ગયો. છે દીકરા-દીકરીમાં કોઇ ભેદ નથી. આજે છોકરીઓ કોઇ પણ ક્ષેત્રમાં છોકરાઓથી પાછળ નથી. પુરૂષોની જેમ યુવતીઓ પણ હવે તો આકાશમાં જાય છે. એન્ટાર્કટિકાની પેલે પાર દક્ષિણ ધ્રુવ પર પણ પહોંચી રહી છે. મિસીસ પટેલ તમે મા છો. આટલા કઠોર ન બનો. મા ફક્ત મા હોય છે. મા તો સાક્ષાત મમતાની મૂરત હોય છે. મા નો મમતા ભર્યો હાથ હંમેશા બાળકને સુખના અને ક્ષેમકુશળના આશીર્વાદથી તેના માથે માતૃત્વમાં કોઇ અંતર આવતું નથી. તેની મમતા વધુ સંતાનો હોય તો પણ કંઇ ઓછી થતી નથી. તમે આ બાળકી પ્રત્યે આમ ઘૃણા કરીને કઠોર વર્તન કરો એ બરાબર નથી.'

ડૉ. બેલા કોટેજમાં લગાવેલા વોશ બેઝિનમાં ડેટોલ સાબુથી હાથ ધોવા લાગી. તેમાં પણ આજના ભૌતિકવાદી વાતાવરણમાં યુવાનો પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી રહ્યાં છે ત્યારે દિકરીઓ જ તેમનો આશરો બની રહી છે. તેમના મા-બાપ ઉપર સહેજ પણ દુઃખ આવી પડે તો એ તેનાથી ધ્રુજી ઉઠે છે. તેમની પીડાને એ સમજી શકે છે અને તેને દૂર કરવા તન-મનથી લાગી જાય છે. દીકરી તો આગણાંના તુલસી ક્યારાનો છોડ છે. જો આજ રીતે માદા ભ્રુણનો નાશ કરવામાં આવતો રહેશે તો લોકોની વારસાની વેલ કઇ રીતે પાંગરશે. માનવ સમાજમાં નર-માદાની ટકાવારી અને સંતુલન બગડી જશે. મા, બહેન, વહુ, પુત્રી, એ બધાં દીકરીનાં જ રૂપ છે ને, તમે પણ કોઇની પુત્રી છો. જરા ગંભીરતાથી બુદ્ધિપૂર્વક વિચારો મિસીસ પટેલ.

આટલું બધું કહ્યા છતાં ડૉ. બેલા એ જોયું કે તેના આ બધું સમજાવવાની કોઇ ખાસ અસર મિસીસ પટેલ પર પડી નથી. કોઇ ચીકણા પથ્થર પર પાણી ટકે નહીં તેમ. તેથી ડૉ. બેલા એકદમ ભાવુક અને સંવેદનશીલ થઇ ગઇ અને બોલી. 'જો તમે આ બાળકીને નથી રાખવા માંગતા તો હું તેને રાખીશ.' ત્યાં તો મિસીસ પટેલ પહેલાંની જેમ જ ભડકી ને બોલી 'તો રાખોને કોણ ના પાડે છે. આ પથરાંને વેંઢારો તો ખબર પડે.' મારી સાથે કરેલ દગાનું પરિણામ તમે પણ ભોગવો.

આટલું સાંભળતાં ડૉ. બેલા એ તેના પડખામાં પડેલ બાળકીને ઉપાડી લીધી. તેને નવરાવી-ધોવડાવી છાતીએ વળગાડી. જેમ વર્ષો પછી લશ્કરમાં ગયેલ દીકરો ઘેર આવે અને ખુબ જ વ્યગ્રતાથી તેની માં વાત્સલ્યથી હરખાતી તેને ભેટી પડે એમ જ. છાતી વળગાડતાં ડૉ. બેલાના સ્તનોમાંથી દૂધ ઝરવા લાગ્યું. ડૉ. બેલાના ચહેરા પર એક દુર્લભ પ્રાપ્તિની સંતુષ્ટીની રેખા ચિતરાયેલી દેખાતી હતી. નદીમાં પૂર આવે તેમ તેના હર્ષ અને આનંદનો પાર ન હતો. છાતી સાથે બાળકને વળગાડીને જ ડૉ. બેલાએ મિસીસ પટેલને કહ્યું 'મેં જાણી જોઇને તમને નરભ્રુણ છે એમ કહ્યું,' કારણ કે હવે આ નાનાં મૂક પ્રાણીઓને નષ્ટ કરતી વખતે તેના કરૂણ બેઅવાજ ચિત્કારો મારી સહનશક્તિની બહાર જતા હતા. જેવી રીતે નદીમાં ઘોડાપુર આવે ને તે કિનારા તોડીને આગળ વધી જાય એમ જ. આ નાના મૂક પ્રાણીઓની હત્યા કરવાની પીડા ધારદાર ચાકુની જેમ મારા અંતસ્તલને ઊંડી સુધી ચીરે છે. આ ગહન અપરાધભાવનું કલંક પાપી, હત્યારી, કુકર્મી જેવા સંબોધનો મને મર્મસ્થાને ઘા કરીને લોહીલુહાણ કરી મુકે છે. કહેતાં કહેતાં ડૉ. બેલા થોડીવાર માટે ચુપ રહી. પછી વાતનો દોર આગળ વધારતાં બોલી. 'જો હું ત્યારે જ તમને સાચી વાત કરી દેત તો તમે ગર્ભસ્થ ભ્રૂણ ને નષ્ટ કરાવી દેત. જો હું ભ્રૂણનો નાશ કરી ન આપત તો તમે બીજે કયાંક જઇને પણ કરાવત. એવું હું કોઇ સંજોગોમાં ઇચ્છતી ન હતી. તેથી મેં તમને અંધારામાં રાખ્યાં ને સાચે સાચું કહ્યું નહીં. આજ વખતે કોઇ સિરીયસ પેશન્ટ આવવાથી નર્સ ડૉ.બેલાને બોલાવવા આવી. ડૉ. બેલાએ મિસીસ પટેલને તેની ઇચ્છા મુજબ ડિસ્ચાર્જ કરી દીધી. ડૉ. બેલાના જીવન બાગમાં એક ભૂલકાંના આગમનથી તેનો ચહેરો અનુપમ ઉલ્લાસથી ચમકી રહ્યો હતો. તેના આનંદ અને ખુશીની કોઇ સીમા ન હતી. જાણે કે તેને કોઇ મોટો ખજાનો મળી ગયો હોય તેમ. જીવનમાં અત્યાર સુધી અનેક ભ્રૂણોને નષ્ટ કરતાં દુષ્કૃત્યોમાં ભલે આંશિક રૂપે પણ પહેલીવાર એક જીવને બચાવવાનું પુનીત કામ અને તેનો સાત્ત્વિક અહેસાસ તેના અંતરમાં ઉમગ જગાડતો હતો. ડૉ. બેલા બાળકીને ખોળામાં લઇ રમાડતી ત્યારે બાળકી ખડખડાટ હસતી જાણે કે તેને કહી રહી હોય કે તમે મને બચાવીને આ દુનિયા જોવાનો અદ્‌ભૂત અને અનોખો દુર્લભ અવસર મા તે મને આપ્યો છે. ખરેખર મા માનવજીવન બેહદ કિંમતી, અતુલનીય અને દુર્લભ... અનુપમ... અપ્રતિમ છે. હું તમારા બાગમાં પતંગિયાની જેમ ઉડીશ, થનગનીશ, નાચીશ, ગાઇશ... મન મુકીને ખિલખિલાટ કરીશ, કલરવ કરીશ... મહેંકીશ. તમે મારી પાસે જે અપેક્ષાઓ રાખશો તેને પુરી કરી તમારા નામને ઉજળું કરી બતાવીશ. હું લોકોને એવું કરીને બતાવીશ કે દાંત વચ્ચે આંગળી દબાવી લે. તમે તો એ જોઇને રાજીના રેડ થઇ જશો. ફૂલ્યાં નહીં સમાવ. ત્યારે તમારી છાતી સ્વાભિમાન અને ગર્વથી ગજ ગજ ફુલી જશે. અને જયારે ઘડપણ આવશે ત્યારે માં હું તારી ટેકણ લાકડી બનીશ. ખરેખર માં હું તારા ઘડપણનો સહારો બની રહીશ.'

ફ્રેન્ડશીપ ડે ફીવર...!! છોકરીઓનાં બોયફ્રેન્ડ?? તોબા તોબા..!!

યૌવનમાં દોસ્તીનો સ્વાદ ભરતો જઇશ, તારી જીંદગીમાં મારી યાદ ભરતો જઇશ
દીવો છું વિચારનો હું, બળતો રહીશ ખૂદ પણ તારામાં પ્રકાશ ભરતો જઇશ

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ફ્રેન્ડશીપ ડે આવે એટલે મૈત્રીની વાતો જામવા માડે. આ વખતે જરા મૈત્રીનાં સંદર્ભે હટકે વાત કરવી છે. છોકરીઓનાં બોયફ્રેન્ડ ના બાબા ના!! છોકરા-છોકરીઓની દોસ્તી આ વિષય આજેય એટલો જ આલીયા ભટ્ટ જેવો હોટ છે. બોયફ્રેન્ડ-ગર્લફ્રેન્ડનો વિષય અત્યંત સંવેદનશીલ અને ચીકણો વિષય છે. એમાંય છોકરાની ગર્લફ્રેન્ડ કરતાં ટીકરીનાં બોયફ્રેન્ડ વિષય વધારે જ તકલીફવાળો દરેકનાં ઘરમાં હોય છે!!

'મને બોયફ્રેન્ડ છે એવું મારા ઘરે ખબર જ નથી' એક કૉલેજની છોકરીનું આ વાકય, અને કેમ ખબર નથી? તો કૉલેજમાં જઇ બોયફ્રેન્ડ બનાવ્યાં એવું ઘરે ખબર પડે તો શિક્ષણ બંધ થઇ લગ્નની લાઇનમાં ઊભાં થઇ જવું પડે, એવી એની બીક હતી... એટલે એ છોકરીના મિત્ર હોવા છતાં એના ઘરનાને લેશમાત્ર કલ્પના આ બેનબાએ આવવાં દીધી નહોતી. એનાંય મિત્રોને આ વાતની ખબર હોવાથી એનાં ઘરે જવાનો કે ફોન કરવાનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નહોતો!!

છોકરા-છોકરીનાં બિન્દાસ્ત મૈત્રીનો વિષય આજેય આપણે ત્યાં ધીરેથી વાત કરવાનો વિષય છે. એક તાજી પરણેલી યુવતીએ એનાં લગ્નનો એક કિસ્સો કીધેલો અને એની શું પ્રતિક્રિયા આપવી એ જ હું સમજી શક્યો નહીં. એ યુવતીના એકબીજાનાં પરિવારની પરવાનગીથી લગ્ન નકકી થયું. એનો ફિયાન્સ દિલ્હી નોકરી કરતો હતો અને આ ગાંધીનગરની હતી. ફોન પર રોજ કલાકો સુધી વાતો કરતાં. એક દિવસ એનાં ફિયાન્સે કીધું આજે એ એનાં ઓફિસમાં કામ કરતી કલીગના ઘરે જમવા જવાનો છે. કલીગ એક મહિલા એટલે પ્રોફેશનલ બહેનપણી થઇ ને?

એણે એનાં ઓફિસની બહેનપણી સાથે જમવા જવાનો છે એવું આ યુવતીને કીધું એનું આજે કશું જ નવું લાગ્યું નહીં. કારણ આ વાતમાં આમ કાંઇ વિશેષ નહોતું જ. કારણ જેમ એના ફિયાન્સને બહેનપણીઓ હતી એવાં જ આનેય પુરૂષ મિત્રો હતા. આ વાત દરમિયાન આને એની સાસુમાનો ફોન આવ્યો. એણે આલતુ - ફાલતુ વાતો કરીને કીધું કે આજે એમણે ફોન પર કીધું કે એ એમની બહેનપણીના ઘરે જમવા જવાનાં છે. એ યુવતીને એનો ફિયાન્સ એની ફ્રેન્ડ સાથે જમવા જાય એમાં વાંધો નહોતો પણ એની સાસુને કીધું તો માત્ર એમને ગમ્યું નહીં...

લગ્ન પહેલા શું? કે પછી શું? એને બહેનપણી હોવી કે પેલીને મિત્રો હોવાં એમાં કશું અજુગતુ નથી. એવું આજનાં દરેક યુવાનોને લાગે છે. પણ એ યુવાનોની આજુબાજુ ફરતાં સમાજ અને ઘરનાં માણસોને માત્ર સ્ત્રી-પુરૂષ વચ્ચેની ફ્રેન્ડશીપ ગમતી નથી અને જચતી પણ નથી... છોકરીઓ છોકરા સાથે અને છોકરીએ છોકરા સાથે ફ્રેન્ડશીપ કરી તો શું બગડી જાય છે? આવા સવાલ પુછતાં કેટલાંય ફોન 'હેલ્લો ફ્રેન્ડસને આવે છે, આમાં શહેર અને ગ્રામ્ય એમ ભાગ તો કરવાં જ રહ્યાં. શહેરમાં પૂર્ણપણે સ્ત્રી-પુરૂષની માન્યતા નથી. પણ શહેરીકરણની સ્વભાનુસાર એક વિશિષ્ટ સમય બાદ કોઇ જ કોઇનાં ફંદામાં પડતું નથી. એટલે આ મૈત્રી કોની સાથે છે એ થોડી વાર ચર્ચાશે પણ સૌ પોતપોતાના કામે લાગી જશે!!

એટલે આમ તો શહેરમાં પણ બધાં લગ્નના પહેલાં, લગ્ન નક્કી થયેલા અથવા લગ્ન થયેલા છોકરીના મિત્ર એનાં ઘરનાં, એની સાસરીનાં કે એમની આજુબાજુનો સમાજ સામાન્ય રીતે ચલાવી લેતો નથી. ટાઉન પ્લેસ અને ગ્રામ્ય વિસ્તારમાં આજેય સ્ત્રી-પુરૂષ વચ્ચે નિઃસ્વાર્થ મૈત્રી થઇ શકે એવું કોઇ માનવાં જ તૈયાર નથી. શાળા-કૉલેજમાં થયેલી મૈત્રી શાળા-કૉલેજ પતે ત્યાં સુધીમાં તો પતી જાય છે. અથવા તો પતાવી દેવામાં આવે છે... અને આવી મૈત્રી કોઇને જ જોઇતી નથી હોતી. સ્ત્રી અને પુરૂષ વચ્ચેની મૈત્રી કયારેય પવિત્ર રહી જ શકે નહી એવી એક સર્વસાધારણ સમજ છે. એક સ્ત્રી અને એક પુરૂષ વચ્ચે મૈત્રી થાય તો એમાં વાસનાને જગ્યા હોય જ છે. મૈત્રીથી આગળ વધીને એમનો સંબંધ લક્ષ્મણરેખા ઓળંગે જ એવી સમજ આજેય સમાજમાં એકદમ પાકકી જ છે...

પણ આનાથી ઊંધુ સ્કૂલથી જ છોકરીઓને મિત્ર અને છોકરાઓને બહેનપણીઓ હશે તો એકબીજા સાથે કેવી રીતે વર્તવું એનું અલગ શિક્ષણ આપવાની જરૂર જ નહીં રહે. એકબીજાને સમજી લઇ બંને વચ્ચે મૈત્રીનો નાતો કેમનો વિકસાવવો એ એમને આપોઆપ જ ખબર પડે છે. વિવિધ વય ધરાવતાં સ્ત્રી-પુરૂષ સાથે કામ કરતી વખતે ઘણીવાર ધ્યાને આવે છે કે અનેક પુરૂષોને સ્ત્રીઓ સાથે કેવી રીતે વર્તવું એમ ખબર હોતી નથી. એટલે અનેકવાર તેઓ જાણી જોઇને સ્ત્રીઓ સાથે વાત કરવાનું ટાળતાં હોય છે. અનેક સ્ત્રીઓને પુરૂષો સાથે વાત કરવામાં વાંધો પડે છે. પુરૂષ મિત્રો ન હોવાથી, પુરૂષ સાથે બોલવાની ટેવ ન હોવાથી એમને પુરૂષ સાથે વાત કરવાની આવો તો પેટમાં ચૂક ઉપડે છે!!

એકવાર છોકરા-છોકરી વચ્ચેની મૈત્રી વિશે એક જાણીતા બહેને બહુ સરસ વાત કરેલી. છોકરાઓને બહેનપણી જોઇએ જ અને છોકરીઓને પણ મિત્રો હોવા જ જોઇએ. આ બધાનું મહત્વનું કારણ એટલે મિત્ર-બહેનપણીઓ હશે તો જ ભિન્ન લિંગી વ્યકતીનો સ્વભાવ, પ્રશ્ન, વિચાર કરવાની પદ્ધતિ સમજમાં આવશે. આપણી જિંદગીનો જોડીદાર કેવો ના હોવો જોઇએ. એ પણ આપણને ખબર ના પડે એમ આપણાં મિત્રો જ શીખવતાં હોય છે. એટલે જ વાલીઓ છોકરા-છોકરીનાં મૈત્રીનો વિરોધ કરે છે એમનાં બાળકોની મને ચિંતા થાય છે. એ એમનાં જીંદગીનો જોડીદાર કેમ કરીને શોધી શકશે? છોકરા-છોકરીઓ દોસ્તી કેમ હોવી જોઇએ એ મુદ્દાને આ બહેને એક નવો જ આયામ આપ્યો હતો.

પહેલાં મૈત્રી થશે, પછી પ્રેમ અને આ ભવાઇ લગ્ન સુધી પહોંચશે એવું દરેક વાલીઓનાં મનમાં ઘર કરી ગયેલી સર્વસામાન્ય બીક છે. પણ બધાં જ સ્ત્રી-પુરૂષની મૈત્રીમાં એમની મૈત્રીનો અંત હોય છે એવું નથી હોતું. કારણ મૈત્રી કરવાનું કારણ એ જીંદગીનો સાથીદાર શોધવાનું નિષ્કર્ષ નથી હોતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

...સહુને સાંભળો, પછી એ સંતાન હોય કે મા-બાપ, મિત્ર હોય કે સ્નેહી-સ્વજન, કોઈની પણ વાત સાંભળવાથી કહેનારનાં હૃદયનો ભાર અવશ્ય હળવો થાય છે

પ્રેમ અને વિશાળતા અને વ્યાપકતાનું વરદાન



પ્રેમની વાત નીકળે અને અચાનક કવિ હરીન્દ્ર દવે યાદ આવે એમની ગીતપંક્તિ દ્વારા. 'નહિતર વાલમ રાત-દિવસનો રસ્તો ખૂટે કેમ?, તમે વાતો પ્રેમની કરજો અમે કરીશું પ્રેમ!' પ્રેમ એટલે શું? કોઇને સતત અને બિનશરતી રીતે ચાહતાં રહેવું. આમ તો ઇવ અને આદમના પ્રથમ પ્રેમસાથે જગતમાં પ્રેમનો આરંભ થયો. પરંતુ હાથી અને પ્રજ્ઞાચક્ષુઓની એક અંગ્રેજી વાર્તા અનુસાર 'તુંડે-તુંડે મતિર્ભિન્નાઃ' વ્યક્તિએ-વ્યક્તિએ દરેકનો અભિપ્રાય નોખો હોઇ શકે છે. તમે માનો યા ના માનો, પ્રેમ તો આંધળો જ હોય છે. એને આંખો ન હોય. પ્રેમીજનોને દિમાગ નહીં, દિલ હોય છે. નહિતર બાર વર્ષની બોલકી છોકરી એકાવન વર્ષના ઘરડા ખચ્ચર જેવડા ભાયડાથી અંજાઇને એના પ્રેમમાં પડતી હશે? વાત અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટની છે. અહીંના સાન જોસ શહેરમાં રહેતી બાર વર્ષની મેકેલી બ્રાઉન ઘરમાં એકલી હતી ત્યારે કોઇ અજાણી વ્યક્તિનો ફોન આવ્યો. 'સોરી, રૉંગ નંબર.' એમ કહીને

રિસિવર ફોનના ક્રેડલ ઉપર મૂકી દેવાના બદલે મેકેલીને તો પેલા અજાણ્યા કોલર સાથે વાતો કરવાની મજા પડી ગઇ. કારણ કે તે સ્કૂલેથી ઘરે આવી ગઇ હોવા છતાં તેના ડેડી મેથ્યુ બ્રાઉન કે મમ્મી રૂથ બ્રાઉન જોબ ઉપરથી હજુ ઘરે પહોંચ્યાં નહોતાં. મેકેલી માટે તો અજાણ્યા કોલર સાથે ગપ્પા મારવાં એ માત્ર ટાઇમપાસ ગૅમ હતી. એને તો મજા પડી હતી. મેકેલી તો જાણે-અજાણે લેન્ડલાઇન ઉપર સામે છેડેથી વાત કરનાર અજાણ્યા કોલરના મેઘાવી અને જાદુઇ અવાજનાં પ્રેમમાં પડી ગઇ. એકાકીપણાંનો શિકાર મેકેલીને પેલા પુરૂષ સાથે વાત કરવાનું ગમવા માંડ્યું. એટલું જ નહીં, તેણે જ ખુદ પેલાને ફોન કરતાં રહેવાનું ઇજન આપ્યું. પેલો પુરૂષ તો એક સુંદર ગર્લફ્રેન્ડ મળ્યાના આનંદમાં હતો. એણે

તો ફોન ઉપર જ રોમેન્ટિક અને શૃંગારરસસંબંધી વાતો કરીને મેકેલીને રિઝવવા માં